ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૭-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### બૌદ્ધિકો અને પક્ષના જ મોવડીઓની નારાજગી સહિત મોદીની સામે મુસીબતોનો અંબાર

એક તરફ ભાજપ દેશ અને દુનિયાભરમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આગામી લોકસભાની ચૂંટણીમાં પક્ષના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરવાની તજવીજમાં પડયો છે તો બીજી તરફ મોદીની વડાપ્રધાનપદ માટેની લાયકાતના મુદ્દે બૌદ્ધિકોનો અને સમર્પિત લોકસેવકોનો નકારાત્મક અભિપ્રાય પ્રબળ બની રહ્યો છે. થોડા વખત અગાઉ ઝુઝારુ ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ ચોખ્ખી વાત કરી કે પોતે મોદીને કયારેય બિનસાંપ્રદાયિક કહ્યા જ નથી. આ દેશમાં કેન્દ્ર સ્થાને એવો કર્ણધાર જોઈએ જે જનતાના તમામ વર્ગોને સાથે રાખી શકે. મોદી હિંદુત્વના હીરો બની ગયા હોઈ પ્રજાના એક બહુ મોટા સમુદાયને માન્ય નથી. અણ્ણા હજારે કોગ્રેસના વર્તમાન નેતૃત્વથી નારાજ જરૂર છે પણ એના વિકલ્પ તરીકે તેઓ મોદીનું નેતૃત્વ પસંદ કરતા નથી. રામદેવ સાથે એમને આ મુદ્દે ઊંડો મતભેદ છે એટલે પોતાની ભ્રષ્ટાચાર વિરોધી રાષ્ટ્રીય ઝુંબેશમાં રામદેવ જેવા 'ક્રાઉડપુલર'ની ખૂબ જરૂર હોવા છતાં તેઓ એમને સાથે રાખી શકતા નથી. સર્વોદય વિચારને વરેલો કોઈપણ સમર્પિત લોકસેવક મોદી વડાપ્રધાન બને એવું ઈચ્છતો નથી. ગુજરાતમાં વયોવૃદ્ધ સર્વોદય અગ્રણી ચૂનીભાઈ વૈદ્ય કે 'નિરીક્ષક' જેવા વિચારપત્રના તંત્રી અને કાણાને કાણો કહેવાની તાકાત ધરાવતા વરિષ્ઠ પત્રકાર પ્રકાશ ન. શાહ તથા 'નયામાર્ગ' જેવા દલિત- શોષિત- વંચિત સમાજની વાચા સમા અખબાર (પાક્ષિક)ના તંત્રી ઈંદુકુમાર જાનીથી લઈ રાષ્ટ્રીય સ્તરે પ્રબુદ્ધ બૌદ્ધિક તરીકેની ઈમેજ ધરાવતા વરિષ્ઠ પત્રકાર આલોક મહેતા સહિતના મોટા ગજાના બૌદ્ધિકો મોદીના સંભવિત રાજયારોહણનો આગોતરો વિરોધ નોંધાવી ચૂકયા છે. મોદીનો વિરોધ કરનારાઓને પોરસ ચડે એ રીતે છેલ્લે નોબેલ પ્રાઈઝ વિજેતા ભારતીય અર્થશાસ્ત્રીએ એક ટીવી ચેમલને મુલાકાત આપતાં કહ્યું કે, હું દેશના વડાપ્રધાનપદ પર નરેન્દ્ર મોદી જેવા રાજકારણી બિરાજે એવું કયારેય પસંદ નહીં કરું. મોદીની સાંપ્રદાયિક છબી વિશે દેશ અને દુનિયામાં જે મત પ્રવર્તી રહ્યો છે તે જ અભિપ્રાય ડો. અમર્ત્ય સેન જેવા ગરીબોના હામી ગણાતા આ વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ધરાવે છે. મોદી જ્યારે યુવાનો અને મહિલાઓથી લઈ સમાજના તમામ સ્તરના મતદારોને પોતાની આગવી પ્રતિભાથી નાખવાની માયાજાળ બિછાવી રહ્યા છે ત્યારે પ્રબુદ્ધ બૌદ્ધિકો એમનું નાક કાપીને અપશુકન કરાવી રહ્યા હોય એવું નથી લાગતું? અમર્ત્ય સેનને આરોગ્યક્ષેત્રે અને બીજા મહત્વના માપદંડોમાં 'ગુજરાતનું વિકાસ મોડલ' પણ ઊણું ઊતરતું લાગ્યું છે. રાષ્ટ્રીય સ્તરે તેઓ બિહારના વિકાસને વધુ સાર્થક અને ઉપકારક ગણે છે. મોદી સામે ખુદ એમના જ પક્ષના મોવડીઓનો અસંતોષ પણ અજાણ્યો નથી. લાલકૃષ્ણ અડવાણીએ પણ મોદી કરતાં શિવરાજસિંહ ચૌહાણને વધારે માર્ક્સ આપ્યા હતા તે કોણ નથી જાણતું?

## પેન્શનર્સ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર પેન્સનર્સ સમાજ દ્વારા સમાજના પરિવારોના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીના મુખ્ય યજમાનપદે ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ, સે-૨૩, કડી શિક્ષણ સંકુલ ખાતે યોજાયો હતો.

સમાજના તેજસ્વી તારલાઓમાં ધો-૧ થી ધો-૯માં પ્રથમ ત્રણ નંબર લાવનાર ૩૫૦ વિદ્યાર્થીઓને ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિનેદી, રાકેશ સકસેના, ચિરાગ પંડયાના હસ્તે તથા પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમંત્રિત મહેમાનોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. રમણલાલ શ્રીમાળીએ પ્રાર્થના, નિરંજનભાઈ ઓઝાએ સુંદર ગીત રજૂ કર્યું હતું. તેજસ્વી તારલા સન્માન કાર્યક્રમમાં કાન્તિભાઈ ગૂર્જર, પ્રદીપભાઈ ભટ્ટ, જીતેન્દ્રભાઈ પુરોહિત, ડી.પી. સંઘાણી, કે.ઓ. વ્યાસ વગેરેએ સુંદર કામગીરી સંભાળી હતી. કાર્યક્રમના અંતે જે.જી. ભટ્ટે આભારદર્શન કર્યું હતું.




હું તો તમારી ફીકરમાં બોલતો નથી. મને વજન ઓછું થઈ રહ્યું છે પરંતુ તું મારો વાદ શું કામ કરે છે...!!

## ઉચ્ચ અભ્યાસક્રમોની ફી ભરવા માટે જી.ટી.યુએ કરેલ વ્યવસ્થાથી હાલાકી

### હેલ્પ સેન્ટરથી બેંકમાં જતા સમય અને નાણાંનો વ્યય, લાઈનોમાં ભૂખ્યા-તરસ્યા ઉભા રહેતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૨૩

રાજયમાં ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જી.ટી.યુ. દ્વારા ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરી છે. ડિપ્લોમા, ડિગ્રી અને ડીટુડીમાં અનેક વિદ્યાર્થીઓ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી તંત્ર દ્વારા કરાયેલ વ્યવસ્થા મુજબ તમામ પ્રક્રિયા કરે છે. જેમાં સૌથી વધારે મુશ્કેલી ફી ભરવા માટેની વ્યવસ્થામાં ઉભી થઈ છે. જી.ટી.યુ. એ એક જ બેંક નક્કી કરી વિદ્યાર્થીઓને જે તે બેંકમાં જવા મજબૂર કરી દઈ લાઈનોમાં ઉભા રાખી નાણાં અને સમયનો વ્યય સાથે હાલાકી વધારી દીધી છે. જેથઈ વાલીઓમાં વ્યવસ્થા સામે નારાજગી ફેલાઈ છે.

રાજયની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા રાજયભરમાં તાજેતરમાં જ હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને ચલણ દ્વારા જે તે બેંકમાં ફી ભરવાની વ્યવસ્થા હાથ ધરી છે. જેમાં જી.ટી.યુ.એ રાજયમાં પંજાબ નેશનલ બેંકમાં આ ફી ભરવા માટે વિદ્યાર્થીઓને મોકલી રહી છે.

રાજય હેલ્પ સેન્ટર ઉપરથી અથવા તો વ્યક્તિના આયોજન મુજબ ઈન્ટરનેટ ઉપરથી ચલણી પ્રિન્ટ આઉટ લઈ બેંકમાં જવું પડે છે. રાજયમાં અનેક સ્થળોએ હેલ્પ સેન્ટર અને બેંક વચ્ચે લાંબુ અંતર હોવાના સંજોગો બન્યા છે ત્યારે વિદ્યાર્થીઓ પોતાના ખર્ચે વાહન લઈ નક્કી કરેલ બેંકમાં જાય છે જ્યાં લાંબી લાઈનોમાં ઉભા થઈ જવું પડે છે. લાંબા સમય સુધી ભૂખ્યા- તરસ્યાં લાઈનમાં ઉભા રહી વિદ્યાર્થીઓ હેરાન- પરેશાન થઈ જાય છે. જેથી આવી વ્યવસ્થા સામે વીલીઓમાં નારાજગી ઊભી થાય છે.

સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને તગડી ફી ચૂકવવામાં પણ વિદ્યાર્થીઓની મજબૂરીનો લાભ ઉઠાવાય છે. જે અભ્યાસક્રમ જેવી બાબત ઉપર માઠી અસર પહોંચાડે છે. ડિપ્લોમા, ડિગ્રી અને ડીયુડી તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમો અર્થે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ફી ભરતા હોય છે. ત્યારે નક્કી કરેલ બેંક દ્વારા બે થી ત્રણ કાઉન્ટર ઉભા કરવા જોઈએ અથવા તો વ્યવસ્થા કરવી જોઈએ તેવું વાલી વર્ગ જણાવી રહ્યો છે.

## આદર્શ નિવાસી શાળા સેકટર-૮ ખાતે ગાંધી વિચાર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધી મિત્ર વર્તુળ અને આદર્શ નિવાસી શાળા (અ.જા.) કુ. સેકટર-૮ના સંયુકત ઉપક્રમે ગુરૂ પૂર્ણિમાના પવિત્ર દિવસે 'ગાંધી વિચાર વ્યાખ્યાન' નું આયોજન સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

શાળામાં યોજાયેલ ગાંધી વિચાર વ્યાખ્યાન પ્રસંગે ગાંધી મિત્ર વર્તુળ સંસ્થાના સભ્ય રમણભાઈએ બાળકોને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન દર્શનની રસપ્રદ ઘટનાઓથી માહિતીગાર કરી ગાંધીજીનો જીવનમંત્ર કોઈ કામ નાનું નથી તે ઉદાહરણ સહિત સમજણ આપી હતી. તેમજ વ્યાસભાઈએ ગાંધીજીના વાણી, વર્તન એક જ હતા તે જ રીતે આપણે પણ આપણા જીવનમાં આ જ માર્ગે ચાલવાનો પ્રયત્ન કરવો જોઈએ તે વાતને મહત્વ આપ્યું હતું. જયારે પુરાણીભાઈએ શાળાના બાળકોને ગાંધીજીના જીવનનાં રસપ્રદ પણ ઓછા જાણીતા પ્રસંગો આગવી શૈલીમાં રજુ કર્યા હતા. વધુમાં તેમણે ૧૧વ્રતનોનો ઉલ્લેખ કરી તેમાંથી કશુંક મેળવવાની વાત કરી હતી. ગાંધી મિત્ર વર્તુળ સંસ્થાના સભ્ય પરમારભાઈએ સ્વરચિત 'ગાંધી કાવ્ય' રજુ કર્યું હતું. જયારે શાળાના ધોરણ-૧૧, ૧૨ના વિદ્યાર્થી નિલેશ રાણા અને જિતેન્દ્ર રાણાએ સુંદર નાટક ભજવ્યું હતું. શાળાના આચાર્ય એમ.જે. કટારાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન તેજલ બ્રહ્મભટ્ટે તથા આભારવિધિ એ.જે. ઠાકોરે કરી હતી. સંસ્થાના ભાનુકાન્ત પરમાર અને સોમાભાઈ પરમાર પણ હાજર રહ્યા હતાં.

## આર.સી.પટેલ સ્કુલમાં ગુરૂ પૂર્ણિમાની ઉમંગભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

ગુરૂની ગરીમા અને અસ્મિતા ભારતીય ઋષિ પરંપરાની અનોખી ઓળખ છે. ઋષિ પરંપરા શ્રીરામ- વિષિષ્ટજી, શ્રી રામકૃષ્ણ પરમહંસ- વિવેકાનંદ જેવા દૈદિપ્યમાન ચૈતન્ય શક્તિ ધરાવનારા અવતારો દ્વારા પ્રખર બની છે. શ્રીમતી આર. સી. પટેલ સ્કુલ સ્કટર-૨૩ કડી સ્કુલ કેમ્પસ ગાંધીનગર દ્વારા ગુરૂ પૂર્ણિમાનો અનેરો અવસર ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે આચાર્ય ચીનુભાઈ પટેલ, સુપરવાઈઝર મિત્રો, શિક્ષક મિત્રોએ ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું. ગુરૂજનોનું અક્ષત તિલક દ્વારા પૂજન કરી ઉજજવળ ભવિષ્યની કામના વ્યકત કરી હતી.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુરૂ પૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૩

અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે યોજાતી ગુરુ પૂર્ણિમા હિન્દુ ધર્મમાં પવિત્ર અને વંદનીય ગણાય છે. ગાંધીનગરના સેકટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુરૂ પૂર્ણિમા નિમિત્તે ગુરૂ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગુરુ પૂર્ણિમાએ યોજાયેલ ગુરૂ વંદના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂ મંત્રનું પારાયણ કરવામાં આવ્યું હતું. ગુરૂ પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે રજનીભાઈ ભટ્ટ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચનમાં ગુરુનું જીવનમાં શું સ્થાન છે? તે વિષય ઉપર પ્રિ. ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે રજનીભાઈએ જીવનમાં જ્ઞાન, ગુરુ અને જ્ઞાનના જુદા જુદા આયામો વિશે સુંદર રજુઆત કરી હતી. ધોરણ-૧૨માં અધિક ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને 'શારદા દેવીનું જીવન ચરિત' પુસ્તિકાની ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉમા આર્ટસ કોલેજમાં ગુરુ માહત્મ્ય વિશે વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૩

ગુરુ પૂર્ણિમાના પર્વ નિમિત્તે ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ગાંધીનગરમાં ગુરુ વંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

સરસ્વતી, વેદવ્યાસ અને ગુરુ દત્તાત્રેયના પૂજન બાદ વિદ્યાર્થીનીઓએ ગુરુ માહત્મ્ય પર વકતવ્યો રજૂ કર્યા તેમજ ગુરુ મહિમા રજૂ કરી સ્તુતિનું ગાન કર્યું હતું. વિદ્યાર્થીનીઓએ અધ્યાપકોને પુષ્પપુચ્છ અર્પણ કરી સન્માન કર્યુ હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. યોગિનીબેન વ્યાસે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા. ડૉ. રૂપા ચાવડાએ આભારવિધિ કરી હતી.

## વીજળીનાં વરસાદી વધામણાં...!! વાલમ, વય, વફા, વિરહ, વાદળની વાંછટે વર્ષાઋતુનો વરઘોડો...!!

અચાનક જોરદાર પવન ફૂંકાય છે, વીજળીના ગડગડાટ સંભળાય છે, દિવસોની વ્યાકુળ ધરતી વરસાદની એ પહેલી બુંદને પોતાના હૃદયમાં સમાવી લે છે... પછી શરૂ થાય જોરદાર છતાં આહ્લાદક વર્ષા જે જડ-ચેતન સૌને તન-મનની ઠંડક શીતળતા અર્પે છે, હા, એવી જ વર્ષાઋતુ આવી ગઇ છે, કોયલનાં ટહુકા પર સવાર થઇ ગઇ, બાળકોનાં જોડકણાં પર સવાર થઇ, વાદળો બંધાવા લાગ્યાં છે, પ્રેમનાં વર્ષાની ઝડી વરસે છે અને મોર મન બની થનગાટ કરેની પંક્તિઓ રેલાય અને શ્રોતાઓ વરસાદને વધાવવા તાળીઓની કળા કરે એવું મનોરમ્ય દૃશ્ય અષાઢી અગિયારસે ટાઉનહોલમાં પાક્કા ધાબા નીચે ભીનાશ અનુભવે...

'વીજળી લખે કંકોત્રી' વધામણાં છે વરસાદનાં અને વરસાદ ઘેલાં શ્રોતાઓ વગર છત્રીએ વર્ષાગીતો માણવા પધાર્યા છે. રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષાઋતુને





આવકારવા કાર્યક્રમ યોજે અને સાથમાં સંસ્કૃતિ સંસ્થા સાકરની જેમ ભળી જાય અને જૈન સોશ્યલ ગ્રુપનાં સભ્યો જાનૈયા તરીકે વીજળીનાં આમંત્રણને માન આપી શિસ્તબદ્ધ રીતે વરસાદનો વરઘોડો પતાવી લાગણી નીતરતાં ભીનાં હૈયા સાથે ગીતો માણવાં ગોઠવાઇ જાય...

વરસાદ અને વરસાદની વાત વચ્ચે 'સંસ્કૃતિ'ના મનોજ શુક્લ આ લગ્નમાં સામૈયાની તૈયારીમાં અને કલાકારોને પોંખવાનું કામ અકાદમીનાં સચિવ અને કવિ ડો. પ્રદિપ આઝાદદ્વારા કરાયું, એક કવિ કાર્યક્રમ ઉદ્‌ઘોષક સિદ્ધહસ્ત ખ્યાતનામ કવિનું ઉમળકાભેર સ્વાગત કરે ત્યારે આ લગ્નનો મેળાવડો જામવાનો જ એવું ઉપસ્થિત સૌને લાગે...

વીજળીનાં કડાકા અને ધડાકા સાથે મેઘતાંડવ શરૂ થાય એવો ભાસ રચાય અને 'મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ' અને મોરલો નાચે એટલે પાછળ જ 'વા વાયાને વાદળ ઊમટ્યા, ગોકુળમાં ટહુક્યા મોર, મળવા આવો સુંદરશી શામળીયા' ...'મધરા મધરા મલકાઇને મેંડક મેહસું નેહસું બાત કરે, ગગને ગગને ઘૂમરાઇને પાગલ મેઘઘટા ગરજાટ કરે... અને અત્યંત લોકપ્રિય દોહો' 'અષાઢ ઉચ્ચારમ્, મેઘ મલ્હારમ્, બની બહારમ્ ગીરધારી...' કાર્યક્રમનો ઉઘાડ અને ઉપાડ જોરદાર થઇ ગયો.

દરિયાના મોજાં કંઇ રેતીને પૂછે, 'તને ભીંજાવું ગમશે કે કેમ? એમ પુછીને થાય નહીં પ્રેમ... કવિતા સંભળાય એટલે તુષાર શુક્લનો સફેદ દાઢી અને લાંબા વાંકળીયા વાળનો ચહેરો અને ગુજરાતી ભાષાથી શણગારયેલો મીઠો અવાજ કાને અફડાળ અને એ જયારે એમ કહે કે, 'વરસાદને જાણો નહીં પણ માણો'' ફિલ્મની વરસાદમાં પલળેલી હિરોઇન અને એક ગરીબ ફાટેલા કપડાવાળી પલળેલી સ્ત્રીનાં વરસાદમાં ભાવમાં ફરક છે એવી રોમેન્ટીક અને વાસ્તવિક વાતો સાથે વર્ષાઋતુનાં કલાકારો અને શ્રોતાઓ વચ્ચે હસ્તમેળાપ કરાવવા જયારે તુષાર શુક્લ ગોર મહારાજ બન્યા હોય એટલે કે ઉદ્‌ઘોષક હોય એટલે ટાઉનહોલમાં જો વરસાદી માહોલનાં જામે તો જ આશ્ચર્ય!!

'વીજળી લખે છે કંકોત્રી કે મેઘરાજા આવો અમારો મારે આંગણે' હરિન્દ્ર દવેની આ રચના જે કાર્યક્રમનું શીર્ષક બનેલું એનાં અંતરામાં 'મેઘરાજા પંખો આયો રે' માં સમગ્ર ગાયકવૃંદને ગીતને ગતી આપીને રંગ રાખી દીધો... મેહુલો ગાજે ને વાદળ નાચે રૂમઝૂમ વાગે પાય ઘૂંઘરડી ગતિમાં કિ-બોર્ડની કમાલ અને તબલા - પખવાજની ધમાલમાં અમીત ઠક્કરનાં તરાનાને શ્રોતાઓને વરસાદમાં દોડવા મજબૂર કરી દીધા...

વરસાદ અને વાલમની સરખામણીમાં તુષાર શુક્લ મોજ કરાવી ગયાં અને એજ સંદર્ભે 'સાંવરીયો રે મારો સાંવરીયો, હું તો ખોબો માંગુ ને દઇ દે દરિયા... પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો, સ્વપ્નમાં પળાય એવો કાયદો... તારી આંખની અફીણી તારાં બોલનો બંધાણી તારી રૂપની પૂનમનો પાગલ એકલો... વેણીભાઇ પુરોહિત અને રમેશ પારેખની રચનાઓથી એટલું જ લાગે ભીંજાવું એ પરિસ્થિતિની નહીં પણ મનઃસ્થિતિ છે...

જલતરંગ અને તબલાની મસ્ત સંગત પર 'ઘરમાં રહું તોય ભીંજાવું નોંતરે એવો રે વરસાદ ક્યાંથી લાવવો' ગીતની સાથે જ શાસ્ત્રીય રાગ પર આધારીત 'ગરજ ગરજ બરસો ઝરમર, દીપકથી દાઝેલા તનને શીતલ જલથી સ્પર્શો' તાનસેને અકબરનાં હઠાગ્રહ પર રાગ દીપક ગાયેલો અને એનાથી એનું આખું શરીર અંદરથી બળતું હતું એ ઠારવા એ વડનગર તાના-રીરી પાસે આવેલો અને એમનાં મલ્હાર રાગથી જોરદાર વરસાદ પડ્યો અને તાનસેનને શાતા વળી આ ગીતથી આ આખી ઘટના નજર સામેથી ફરી ગિ, દિપ્તી દેસાઇનાં કસાયેલા કંઠે રિયાઝનાં શબ્દોનાં છાંટા વરસતાં વરસાદને ય વરસવું પડે એવો માહોલ બની ગયો...

સંગીત નાટક અકાદમીનાં સચિવ ડો. પ્રદિપ આઝાદની રચના 'પહેલે વરસાદે રાજ કેમ કરી પામવા મેહુલના ભીના મિજાજ, ઉભા રહો તો આંખ ભરી જોઇ લઉં' માં તૃષા અને તૃપ્તિ, મેઘ અને ધરાની મજા માણવા મળી... મારા ભોલા દિલનો હાય રે, શિકાર કરી લે... નહીં ચડે

### ઊઘડતે પડદે
- સંજય થોરાત

ચૂલે રોટલી, નહીં ચઢે તપેલીએ દાળ, જટ જાઓ ચંદન હાર લાવો ઘૂંઘટ નહીં ખોલું હો (આ ગીત વખતે મારી હુંડી સ્વીકારો મહારાજ રે શામળા ગીરધારી બેક ઓફ માઇન્ડ વાગ્યા કરતું હતું) અને 'નૈન ને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે, તમે છો એનાં કરતાં પણ વધારે તમને જોયાં છે... ત્રણ ત્રણ ગીતોમાં વ્હાલભરી વાંછટ વર્તાઇ...'

ગાજવીજ સાથેનાં મોર ટહૂકા કરે અને 'મોસમ - મલકા' નવરંગી જોડીયા પતંગીયા બહેનો, 'ભાંભરીનો ટેકો, ઓસરીની કોર, કણબીની છોકરીએ પાળ્યો રે મોર ટહુકા કરે' ગીતમાં જંગલમાં મંગલની મજા આવી... વરસાદ વિરહનો પણ હોય છે અને પિડાની પ્રસન્નતા વરસાદમાં વધુ વર્તાય છે. 'દિવસો જુદાઇના જાય છે જે જશે હજુ મિલન સુધી મારો હાથ ઝાલીને લઇ જશે...' 'શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી જોઇ મેં એક રાહેજાની જોઇ હતી' બંને રચનાઓ નિસાસા નાંખતા પ્રેમીઓને ગમી ગઇ હશે...

'તરસ્યા હોવાના આ આકાશમાં, અષાઢી સાંજ એક માંગી, વરસાદી વારતાઓ વાંચી વાંચીને, હવે ભીંજાવું એ તો આભાસ છે' એવું લખતાં કવિ તુષાર શુક્લની એક અન્ય રચના 'આજ છે વરસાદ સાથે તું નથી, એય કરતો યાદ તું નથી' વીજળીનાં ચમકારાં જેવાં તેજ લીસોટાની સરગમી તારાના આ ગીતમાં જેમ 'વાદળા અને વીજળી' પડવાની હરિફાઇ કરતાં હોય એમ ધમાચકડી મચાવી ગયા, આ ગીત માટે અમીત ઠક્કરને એની ગાયકી માટે જેટલી દાદ આપીએ ઓછી પડે!!

મોહમ્મહ રફીનાં અંતરાથી સ્વર્ગ સુંદરી ગીત રાગ 'બહાર'માં શરૂ કરી 'કુહું કુહું બોલે કોયલીયા' ગીત એટલે મજા, જીંદગી ભર નહીં ભૂલેગી વો બરસાત કી રાત અને સાવણ મેં લગ ગઇ આગ દિલ મેર હાય' 'ત્રણ હિન્દી બરખાના ગીતોની મેડલી રજુ થઇ...' વસંતનાં વધામણાં કાર્યક્રમમાં આજ ગીત નયના શર્માએ ગાયું હતું અને શ્રેષ્ઠ સાબિત થયેલું અહીં એથી ઊંધું થયું... મેઘરાજાની જાન કાઢવાનાં આ કાર્યક્રમમાં ગીતોનાં જમણવારમાં ચારેક નવી વાનગીનો અખતરો પણ એટલો નવી ચાર રચનાઓ રજૂ કરાઇ જેનો મિશ્ર પ્રત્યાઘાત રહ્યો... 'પાન' લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રાજ' અને પછી 'ગુરૂ'નું 'નન્ના રે નન્ના રે બરસો રે મેઘા મેઘા' મજા પમાડે એવાં રહ્યાં. 'અંબર ગાજે મઘાડંબર ગાજે, અષાઢી સાંજના અંબર ગાજે' સાથે વર્ષાગીતોનું ઝાપટું થંભી ગયું...

'વીજળી લખે કંકોત્રી' માં વફા, વીરહ, વ્હાલ, વાદળ જેવા વિવિધ પાસા સાથેનાં થયેલા કોયલી ટહુકામાં શ્રોતાઓ ભીને વાન થઇને નીકળ્યાં અને ખુશીનાં વરસાદમાં ગીતોમાં ભીંજાયાની મોજ માણી... અને ગાડીમાં ગીત વાગતું હતું 'હમ તુમ યે બહાર દેખો રંગ લાયા પ્યાર બરસાત કે મહિને મેં, દિલ ગાયે રે મલ્હાર...'

**વા વાયાને વાદળ ઊમટ્યા... 'વીજળી લખે કંકોત્રી' ના આમંત્રણને માન આપી પધારેલાં વર્ષાઋતુના વ્હાલાઓ ખુશીનાં વરસાદમાં ભીંજવતા ગીત-ગઝલની સતત ધારમાં અમીત ઠક્કર-તુષાર શુક્લની હેતશીશીથી વરસાદી વાયરામાં રોમાંચીત**